# પ્રસાર ભારતી

# નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 14-03-2024 બપોરે : 1.20થી 1.30

વાર : બુધવાર

આકાશવાણી સમાચાર ચૈતાલી જોષી વાંચે છે.

---

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે પીએમ સ્વનિધિના લાભાર્થીઓને સંબોધિત કરશે.
- ✓ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે નાગરિકતા સંશોધન કાયદો -CAA નાગરિકતાના અધિકારો પ્રદાન કરવા માટેનો કાયદો છે. તે કોઈની પણ નાગરિકતા છીનવાશે નહીં.
- ✓ હરિયાણામાં લોકસભાની છ બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે ઉમેદવારોની જાહેરાત કરી છે.
- ✓ ભૂટાનના પ્રધાનમંત્રી દાશો શેરિંગ તોબગે આજથી ભારતની પાંચ દિવસની મુલાકાતે આવશે.
- ✓ નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા-NHAI એ Paytm ફાસ્ટેગ યુઝર્સને આજ સુધીમાં કોઈપણ અન્ય બેંકના ફાસ્ટેગની સુવિધા મેળવવાની સલાહ આપી છે.
- ✓ ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન સ્પર્ધામાં આજે ભારતની પીવી સિંધુ મહિલા સિંગલ્સની મેચમાં દક્ષિણ કોરિયાની સે-યંગ સામે રમશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

***PM – DELHI***

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે દિલ્હીના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમ ખાતે પીએમ સ્વનિધિના લાભાર્થીઓને સંબોધિત કરશે.

કાર્યક્રમમાં પ્રધાનમંત્રી મોદી દિલ્હીના પાંચ હજાર ફેરિયાઓ સહિત એક લાખ ફેરિયાઓને સ્કીમ હેઠળ લોનનું વિતરણ કરશે. શ્રી મોદી દિલ્હી મેટ્રોના ચોથા તબક્કાના બે વધારાના કોરિડોરનો શિલાન્યાસ પણ કરશે. જે લાજપત નગરથી સાકેત-જી બ્લોક કોરિડોર અને ઈન્દ્રલોકથી ઈન્દ્રપ્રસ્થ કોરિડોર હશે, જેની કુલ લંબાઈ 20 કિલોમીટરથી વધુ હશે. સૂચિત કોરિડોર કનેક્ટિવિટીમાં સુધારો કરશે અને ટ્રાફિકને સરળ બનાવશે. લાજપત નગરથી સાકેત જી-બ્લોક કોરિડોર પરના સ્ટેશનોમાં લાજપત નગર, એન્ડ્રુઝ ગંજ, ગ્રેટર કૈલાશ - 1, ચિરાગ દિલ્હી, પુષ્પા ભવન, સાકેત જિલ્લા કેન્દ્ર, પુષ્પ વિહાર અને સાકેત જી - બ્લોકનો સમાવેશ થશે. ઈન્દ્રલોક-ઈન્દ્રપ્રસ્થ કોરિડોર પરના સ્ટેશનોમાં ઈન્દ્રલોક, દયા બસ્તી, સરાઈ રોહિલ્લા, અજમલ ખાન પાર્ક, નબી કરીમ, નવી દિલ્હી, એલએનજેપી હોસ્પિટલ, દિલ્હી ગેટ, દિલ્હી સચિવાલય અને ઈન્દ્રપ્રસ્થનો સમાવેશ થશે

## *ONE NATION-ONE ELECTION*

એક ઉચ્ચસ્તરીય સમિતિએ આજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને વન નેશન વન ઇલેક્શન પર પોતાનો અહેવાલ સુપરત કર્યો છે. પૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદની અધ્યક્ષતામાં રચાયેલી ઉચ્ચસ્તરીય સમિતિએ રાષ્ટ્રપતિ ને પોતાનો અહેવાલ  કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, કાયદા અને ન્યાય મંત્રી  અર્જુન રામ મેઘવાલ, 15મા નાણાપંચના ભૂતપૂર્વ અધ્યક્ષ એનકે સિંહ અને અન્યોની હાજરીમાં સુપરત કર્યો હતો.

કાયદા અને ન્યાય મંત્રાલયના જણાવ્યા અનુસાર, વન નેશન વન ઇલેક્શન એ એસ્પિરેશનલ ઇન્ડિયા માટે મુખ્ય છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, 18 હજાર 626 પાનાનો અહેવાલ હિતધારકો, નિષ્ણાતો અને 191 દિવસના સંશોધનો સાથે વ્યાપક પરામર્શનું પરિણામ છે.

## *AMIT SHAH-CAA*

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પુનરોચ્ચાર કર્યો છે કે નાગરિકતા સંશોધન કાયદો -CAA નાગરિકતાના અધિકારો પ્રદાન કરવા માટેનો કાયદો છે. તે કોઈની પણ નાગરિકતા છીનવી શકશે નહીં. એક સમાચાર એજન્સીને આપેલા ઈન્ટરવ્યુમાં શ્રી શાહે કહ્યું કે, CAA અફઘાનિસ્તાન,

બાંગ્લાદેશ અને પાકિસ્તાનના હિંદુઓ, બૌદ્ધો, જૈનો, શીખો, ખ્રિસ્તીઓ અને પારસી શરણાર્થીઓને અધિકારો અને નાગરિકતા આપશે. તેમણે કહ્યું કે, નાગરિકતા સંશોધન અધિનિયમની જોગવાઈઓ હેઠળ દરેકને સમાન અધિકાર મળશે .તેમજ જેમણે 15 ઓગસ્ટ 1947થી 31 ડિસેમ્બર 2014 સુધીમાં ભારતમાં પ્રવેશ કર્યો હોય તેવા શરણાર્થીઓને આ કાયદા હેઠળ ભારતીય નાગરિકતા મળશે.તેમણે સ્પષ્ટ કર્યું કે નેશનલ રજિસ્ટર ઑફ સિટિઝન-NRCને CAA સાથે કોઈ લેવાદેવા નથી.

## *PM-EKTA KA PRATEEK*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે એક ખાનગી ટેલિવિઝન ચેનલ દ્વારા 'સ્ટેચ્યુ ઓફ યુનિટીઃ એકતા કા પ્રતિક' નામનો દસ્તાવેજી ફિલ્મનો એક એપિસોડ શેર કર્યો હતો. તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું કે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' પર આ એપિસોડ જોવો એ આંખ ખોલવાનો અનુભવ હશે અને તે દરેકને વહેલામાં વહેલી તકે કેવડિયાની મુલાકાત લેવા ઈચ્છશે. અદભૂત દ્રશ્યો, રસપ્રદ તથ્યો અને વાર્તાઓ દર્શાવતી દસ્તાવેજી ફિલ્મ આનંદ એલ રાય દ્વારા દિગ્દર્શિત કરવામાં આવી છે

## *PM - SIKH NEW YEAR*

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે શીખ સમુદાયના નવા વર્ષ નિમિત્તે હાર્દિક શુભેચ્છાઓ પાઠવી છે. તેમણે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં આશા વ્યક્ત કરી કે વાહેગુરુની અસીમ કૃપા બધા જીવોને સુખાકારી અને સમૃદ્ધિ આપે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ગુરુ સાહેબોની બુદ્ધિ તેમના તેજસ્વી માર્ગદર્શનથી સમાજને પ્રકાશિત કરતી રહે.

## *HARIYANA LOKSABHA*

હરિયાણામાં લોકસભાની છ બેઠકો માટે ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહે ઉમેદવારોની જાહેરાત કરી છે.. ધરમબીર સિંહ ભિવાની-મહેન્દ્રગઢથી, રાવ ઈન્દ્રજીત સિંહ ગુરુગ્રામથી અને ક્રિષ્ના પાલ ગુર્જર ફરીદાબાદથી ચૂંટણી લડશે. ત્રણેય હજુ પણ આ બેઠકો પરથી સાંસદ છે.

હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી મનોહર લાલને કરનાલ બેઠક પરથી ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. તેમણે ગઈ કાલે કરનાલ વિધાનસભા બેઠક પરથી રાજીનામું આપ્યું હતું.

પૂર્વ પ્રદેશ કોંગ્રેસ અધ્યક્ષ અશોક તંવરને સિરસાથી ટિકિટ આપવામાં આવી છે. તેઓ હાલમાં જ આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં જોડાયા હતા. અંબાલા બેઠક પરથી સ્વર્ગસ્થ રતનલાલ કટારિયાના પત્ની બંતો કટારિયાને મેદાનમાં ઉતારવામાં આવ્યા છે

## *LJP- BJP*

લોક જનશક્તિ પાર્ટી-એલજેપીએ આગામી લોકસભા ચૂંટણીમાં બિહારમાં એનડીએના ભાગરૂપે ભાજપ સાથે બેઠકની વહેંચણીના સોદાને અંતિમ સ્વરૂપ આપ્યું છે. એલજેપીના વડા ચિરાગ પાસવાને સોશિયલ મીડિયાના માધ્યમથી આ જાણકારી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે આ અંગે ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે. તેમણે ગઇકાલે નવી દિલ્હીમાં બીજેપી અધ્યક્ષ જગત પ્રકાશ નડ્ડા સાથે મુલાકાત કરી હતી.

## *RS-SUDHA MURTY*

લેખિકા અને જાણીતા શિક્ષણવિદ્ સુધા મૂર્તિએ આજે રાજ્યસભાના સભ્ય તરીકે શપથ લીધા. રાજ્યસભાના સભાપતિ જગદીપ ધનખડે સંસદભવનમાં નવા ચૂંટાયેલા સભ્ય સુધા મૂર્તિને શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ઈન્ફોસિસના સ્થાપક નારાયણ મૂર્તિ અને રાજ્યસભાના નેતા પીયૂષ ગોયલ પણ હાજર હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ સુધા મૂર્તિને રાજ્યસભા માટે નામાંકિત કર્યા હતા.

## *BHUTAM PM - INDIA*

ભૂટાનના પ્રધાનમંત્રી  દાશો શેરિંગ તોબગે આજથી ભારતની પાંચ દિવસની મુલાકાતે આવશે.

આ વર્ષે જાન્યુઆરીમાં સત્તા સંભાળ્યા બાદ આ તેમની પ્રથમ વિદેશ મુલાકાત છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું કે, મુલાકાત દરમિયાન ભૂટાનના પ્રધાન મંત્રી રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરશે અને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે.  જે ભારત અને

ભૂટાન વચ્ચેના મિત્રતા અને સહકારના કાયમી સંબંધોને વિસ્તારવા માટેની રીતો અને માધ્યમો પર ચર્ચા કરવાની તક પૂરી પાડશે.

## *EV - ELECTRIC MOBILITY SCHEME*

ભારે ઉદ્યોગ મંત્રાલયે ભારતમાં ઈલેક્ટ્રોનિક વાહનો-EVs ને પ્રોત્સાહન આપવા માટે ઈલેક્ટ્રિક મોબિલિટી પ્રમોશન સ્કીમ 2024ની જાહેરાત કરી છે. મંત્રાલયે કહ્યું કે આ યોજના હેઠળ ચાર મહિનામાં કુલ રૂ. 500 કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ પ્રક્રિયા 1 એપ્રિલથી જુલાઈ સુધી ચાલશે.

મંત્રાલયે કહ્યું કે આ યોજના હેઠળ માત્ર ઈલેક્ટ્રિક ટુ-વ્હીલર્સ અને ઈલેક્ટ્રિક થ્રી-વ્હીલરને જ સ્વીકારવામાં આવશે જેમાં રજિસ્ટર્ડ ઈ-રિક્ષા, ઈ-કાર્ટ અને L-5 મોટર વાહનોનો સમાવેશ થાય છે. વધુમાં, અદ્યતન બેટરીવાળા ઇલેક્ટ્રિક વાહનો જ અદ્યતન તકનીકને પ્રોત્સાહન આપવા માટે પાત્ર હશે. મંત્રાલયનો અંદાજ છે કે આ યોજના ત્રણ લાખ 72 હજારથી વધુ ઇલેક્ટ્રિક વાહનો માટે મદદરૂપ થશે

## *NHAI - FASTAG USERS*

નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઈન્ડિયા-NHAI એ Paytm ફાસ્ટેગ યુઝર્સને આજ સુધી કોઈપણ અન્ય બેંકના ફાસ્ટેગની સુવિધા મેળવવાની સલાહ આપી છે. માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયે જણાવ્યું હતું કે આ ફાસ્ટેગ વપરાશકર્તાઓને દંડથી બચવામાં અને રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર મુસાફરી કરતી વખતે બમણી ફી ચૂકવવાનું ટાળવામાં મદદ કરશે.

Paytm પેમેન્ટ બેંક પરના નિયંત્રણોને લઈને રિઝર્વ બેંકની માર્ગદર્શિકા મુજબ, Paytm Fastagને 15 માર્ચ પછી રિચાર્જ અથવા ટોપ-અપ કરી શકાતું નથી, પરંતુ આ તારીખ પછી પણ Paytm ફાસ્ટેગમાં બાકીની રકમનો ઉપયોગ કરી શકાય છે. NHAI એ તમામ Paytm Fastag યુઝર્સને સમગ્ર દેશમાં રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર સીમલેસ અને સુવિધાજનક મુસાફરી સુનિશ્ચિત કરવા પગલાં લેવા અનુરોધ કર્યો છે

## *HEALTH- NEET MDS*

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મીડિયા અહેવાલોને ખોટા ગણાવ્યા છે જેમાં દાવો કરવામાં આવ્યો છે કે પૂર્વોત્તર રાજ્યોમાં નેશનલ એન્ટ્રન્સ કમ એલિજિબિલિટી ટેસ્ટ - માસ્ટર ઑફ ડેન્ટલ સર્જરી, NEET MDS પરીક્ષા કેન્દ્રો નથી. મંત્રાલયે જણાવ્યું કે પૂર્વોત્તર રાજ્યોમાં પરીક્ષા કેન્દ્રો છે જે શિલોંગ, નાહરલાગુન, કોહિમા, આઈઝોલ, ગુવાહાટી અને કોલકાતામાં ફાળવવામાં આવ્યા છે. તેમાં કહેવામાં આવ્યું છે કે, વધુમાં, NEET-MDS 2024 માટેની બીજી એપ્લિકેશન વિન્ડો જે આ મહિનાની 11મી તારીખે બંધ થઈ છે, તેમાં માત્ર 560 ઉમેદવારોએ જ નોંધણી કરાવી છે.

## *ENGLAND OPEN BADMINTON*

ઓલ ઈંગ્લેન્ડ ઓપન બેડમિન્ટન સ્પર્ધામાં આજે ભારતની પીવી સિંધુ મહિલા સિંગલ્સની મેચમાં દક્ષિણ કોરિયાની સે-યંગ સામે રમશે..અન્ય મેચોમાં અશ્વિની પોનપ્પા અને તનિષા ક્રાસ્ટોની મહિલા ડબલ્સની જોડી ચીનની ઝેંગ યુ અને ઝાંગ શુઝિયન સાથે ટકરાશે. અન્ય મેચમાં, ભારતીય ખેલાડી લક્ષ્ય સેન ડેનમાર્કના મેગ્નસ જોહાનેસનને 21-14, 21-14થી હરાવીને ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપના પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે

## *INDIA-US-DEFENCE TIES*

પેન્ટાગોને કહ્યું છે કે ભારત-અમેરિકા સંરક્ષણ સંબંધોમાં ક્રાંતિકારી પરિવર્તન અને અકલ્પનીય ગતિ આવી છે.અમેરિકા ના સાઉથ એશિયા અફેર્સ ના સંરક્ષણ નિયામક સિદ્ધાર્થ અય્યરે જણાવ્યું હતું કે બંને દેશો વચ્ચે સંરક્ષણ સંબંધ હવે મુખ્ય મુદ્દાઓ પર મતભેદોને બદલે સમગ્ર પ્રક્રિયા અને ગતિ દ્વારા વધુ વ્યાખ્યાયિત કરવામાં આવે છે.. જેમાં ટેક્નોલોજી સહયોગ અને દરિયાઈ વ્યૂહરચના પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. . શ્રી અય્યરે કહ્યું કે રાષ્ટ્રપતિ જો બિડેન અને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી વચ્ચેનો સતત સંપર્ક બંને દેશો વચ્ચેના સંબંધોનું મહત્વ દર્શાવે છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પોલિટિકલ-મિલિટરી ઓફિસર રેયાન હોલીવેએ કહ્યું કે ભારત સાથે અમેરિકાની ભાગીદારી વિશ્વના સૌથી મહત્વપૂર્ણ સંબંધોમાંથી એક છે. તેમણે કહ્યું કે વ્યૂહાત્મક ભાગીદારી એ મુક્ત અને ખુલ્લા ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર અને 21મી સદીનો મહત્વપૂર્ણ આધારસ્તંભ છે.

## *RBI – PENALTY*

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ RBI દ્વારા જારી કરવામાં આવેલી કેટલીક સૂચનાઓનું પાલન ન કરવા બદલ બેંક ઓફ ઈન્ડિયા પર એક કરોડ 46 લાખ સિત્તેર હજાર રૂપિયાનો નાણાકીય દંડ ફટકાર્યો છે.

બેંકે 'થાપણો પરના વ્યાજ દરો', 'બેંકોમાં ગ્રાહક સેવા', 'એડવાન્સ પરના વ્યાજ દરો', 'મોટા ધિરાણ પર માહિતીના કેન્દ્રીય ભંડાર-CRILC - રિપોર્ટિંગમાં સુધારા ' અને 'ક્રેડિટ માહિતી કંપનીઓની સભ્યપદ' અને ક્રેડિટ માહિતી કંપની નિયમ 2006-CLC ની જોગવાઈઓનું ઉલ્લંઘન કર્યું છે.

RBIએ વ્યાજ દર દિશાનિર્દેશો, 2016ના અનુસંધાનમાં અમુક નિર્દેશોનું પાલન ન કરવા બદલ બંધન બેંક લિમિટેડ પર 39 લાખ 55 હજારનો નાણાકીય દંડ પણ ફટકાર્યો છે. ,

આ સિવાય ભારતીય રિઝર્વ બેંકે ઈન્ડોસ્ટાર કેપિટલ ફાઈનાન્સ લિમિટેડ કંપની પર પણ તેર લાખ સાઠ હજાર રૂપિયાનો આવો જ નાણાકીય દંડ લગાવ્યો છે.